# જીવનમાં વિવેક


— રવિશંકર મહારાજ

એક ખેડૂત અને બ્રાહ્મણ પડોશમાં રહેતા હતા. બ્રાહ્મણ બિચારો ગરીબ હતો. મિલકતમાં એની પાસે એક દુધાળી ગાય હતી. થોડું ઘણું દૂધ ઉપયોગમાં લઈ બાકીનામાંથી ઘી બનાવે અને સંતોષથી રહે. જ્યારે ખેડૂત પૈસાદાર હતો. એને ત્યાં કેટલીયે ભેંસો હતી અને દૂધ–ઘીની રેલમછેલ હતી. બધું છૂટથી વપરાતું. મહેમાનોની અવરજવર પણ સારી રહેતી. ત્યાં કોઈવાર ઘી ખૂટી પડતું, ત્યારે પાડોશી બ્રાહ્મણને ત્યાંથી લઈ આવે. અને પછી પાછું આપી દે. એક વખત એવું બન્યું કે બે વખતનું ઘી પાછું વાળવું રહી ગયેલું. ખેડૂતની સ્ત્રી ફરી ઘી લેવા આવી ત્યારે બ્રાહ્મણીએ કહ્યું, ''બહેન, પહેલાં બે વખતનું ઘી પણ બાકી છે.'' ખેડૂત સ્ત્રી આ સાંભળી ચમકીને બોલી, ''જા, જા, મેં તો તને ક્યારનુંય પાછું વાળી દીધું છે.'' બ્રાહ્મણીએ તેને યાદ દેવડાવ્યું, પરંતુ એક વખત ના પાડયા પછી પૈસાદાર સ્ત્રી હા કેમ પાડે ? એણે તો પોતાની જક પકડી રાખી અને કહે, ''જા, જા, મોટી દેવાવાળી ન જોઈ હોય તો. તું મને ક્યાંથી ઘી દેવાની હતી ? તારી પાસે ઘી ક્યાંથી આવે ?'' આમ જેમ–તેમ બોલવા માંડયું. બ્રાહ્મણી બિચારી સાચી હતી, પરંતુ ગરીબ હોવાથી શું બોલે ?''

સાંજે ખેડૂત ઘેર આવ્યો ત્યારે તેની સ્ત્રીએ બ્રાહ્મણીની વાત મીઠું–મરચું ભભરાવીને કહી. આથી ખેડૂત ગુસ્સે થઈ ગયો અને બ્રાહ્મણને બોલાવી ધમકાવવા લાગ્યો, બ્રાહ્મણ શું બોલે ? તે સમજી ગયો અને ખેડૂત સામે કંઈ ન બોલવામાં ડહાપણ માન્યું પછી એણે રાજા પાસે જઈ ફરિયાદ કરી. એ સાંભળી રાજા તો વિચારમાં પડી ગયો. એને થયું કે બ્રાહ્મણ પૈસાદાર ખેડૂતને ઘી ઉછીનું આપે એ વાત કેમ માની શકાય ? સાથે સાથે એને એમ પણ થયું કે બ્રાહ્મણ જેવો બ્રાહ્મણ થોડાં ઘી માટે ખોટું પણ કેમ બોલે ? એ તો મુશ્કેલીમાં મુકાયો. એને તો ન્યાય કરવો છે અને કોઈને અન્યાય ન થાય એ ખાસ જોવું છે. રાજા તો ચિંતાના ભાર નીચે દબાયો, અને વિચારમાં રહેવા લાગ્યો. બીજે દિવસે ગામનો શાહુકાર કહે, ''આમાં તે શી મોટી વાત છે ?'' રાજા કહે, ''તમે ન્યાય કરો તો મારા પરથી ભાર ઊતરશે.''

પછી રાજાએ ખેડૂત અને બ્રાહ્મણને બોલાવ્યા. એમને કીચડ અને કાદવમાંથી ચાલીને આવવાનું હતું. રાજાએ રાજ દરબારને દરવાજે ઊભેલા ચોકીદારને બે લોટા પાણીના આપી રાખ્યા ને એ બંને

જણ આવે એટલે એમને એક–એક લોટો પાણી આપી, પગ ધોવડાવીને ઉપર લાવવા કહ્યું, ખેડૂતે તો ઊભા ઊભા પગ પર પાણી ઢોળી પગથી પગ ઘસી જેમ તેમ પગ ધોયા. જ્યારે બ્રાહ્મણે ધીમેથી પાણી રેડી આસ્તેઆસ્તે પગ ચોખ્ખા કર્યા. તેઓ અંદર ગયા પછી રાજા કહે, ''આ વાણિયો તમારો ન્યાય કરશે.'' વાણિયાએ બંનેના પગ તપાસીને કહ્યું, ''ખેડૂતે બ્રાહ્મણ પાસેથી ઘી ઉછીનું લીધું છે. તે તેને પાછું આપવું પડશે.''



રાજા તો આશ્ચર્યચકિત થઈ ગયો અને કહે ''આમ કેમ ? કેવી રીતે ન્યાય કર્યો ? વાણિયો કહે ''મહારાજ, એમાં મેં ક્યાં ન્યાય કર્યો છે ? એ તો એમણે પોતે જ ન્યાય કરી લીધો છે.'' વાણિયાએ સ્પષ્ટ કર્યું, ''બંનેના પગ કાદવવાળા થયેલા ને બંનેને સરખું પાણી આપેલું. તો પણ ખેડૂતના પગ કેવા મેલા છે ? જ્યારે બ્રાહ્મણને એટલું જ પાણી આપેલું, છતાં તેના પગ કેવા સ્વચ્છ છે ! અને એ ઉપરાંત એની પાસે અરધી લોટી પાણી વધ્યું છે.'' પછી વાણિયાએ ખેડૂતને પૂછ્યું ''તમારા પગ મેલા કેમ છે ?'' ખેડૂતે જવાબ આપ્યો ''સાહેબ, કાદવ હતો અને પાણી થોડું હતું.''

ત્યારે બ્રાહ્મણે કહ્યું, ''મારે તો પાણી વધ્યું છે, તે મેં રાખી મૂક્યું છે. કદાચ વળતાં જોઈએ તો બીજીવાર માંગવું ન પડેને ? એવું વારંવાર કોઈ માંગે ?''

વાણિયો કહે, ''જુઓ સાહેબ ! આવું જ ઘીની બાબતમાં થયું હશે. ખેડૂતને ઘી ખૂબ થતું હતું, પણ ઘીનો બગાડ ખૂબ હતો. એની પાછળ વિવેક નહોતો, જ્ઞાન નહોતું. જ્યારે બ્રાહ્મણના વપરાશ પાછળ જ્ઞાન હતું. ભવિષ્યની ચિંતા હતી.

રાજાને એ સાચું લાગ્યું અને વાણિયાને ધન્યવાદ આપ્યા. વિવેક સાથે કરકસર પણ એટલી જ મહત્ત્વની છે ! પાણીને પણ ઘીની જેમ વાપરવું. બહુ છે એ જાણી એનો ખોટો ઉપયોગ ન થવો જોઈએ. પાણી જેવી વસ્તુ પણ વધુ વાપરતાં જીવ બળવો જોઈએ.

■